ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોમાં પડતર પ્રશ્નોને લઈ અસંતોષ

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત રાજયની શાળાઓના શિક્ષકોના છેલ્લા ઘણા સમયથી વણઉકલ્યા પ્રશ્નોને લઈ આવતીકાલ સોમવારથી શિક્ષકગણ આંદોલન કરવાના મુડમાં છે. તા.૧૮ થી ૨૩ દરમિયાન રાજયભરના તમામ શિક્ષકો વર્ગમાં કાળી પટ્ટી ધારણ કરીને વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવશે. જયારે તા.૨૪ જુનને રવિવારના રોજ સેકટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે શિક્ષકો રામધુન કરશે. આ કાર્યક્રમમાં રાજયભરમાંથી હજજારો શિક્ષકો ઉપસ્થિત રહેશે. ત્યારબાદ પણ તેઓના પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો ઉગ્ર આંદોલનના મંડાણ થશે.

ગુજરાત રાજયની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓના પડતર પ્રશ્નો માટે ગુજરાત રાજય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ દ્વારા આપવામાં આવેલા આદેશને લીધે રાજયની અને ગાંધીનગર જિલ્લાની શાળાઓના ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષકો તા.૧૮મી થી આંદોલનનો પ્રારંભ થશે. જેમાં શિક્ષકો કાળીપટ્ટી ધારણ કરીને બાળકોને ભણાવશે. તા.૧૮-૧-૧૭ના રોજ નાણા વિભાગે ફિકસ પગારના સહાયકો માટે થયેલા પગાર વધારાના ઠરાવનો અમલ સરકારી શાળાઓના કર્મચારીઓ માટે અક્ષરસહ કરાયો છે. જયારે ગ્રાન્ટેડ શાળાઓના શિક્ષકોને ઓછો પગાર આપીને રીતસરનો ભેદભાવ કરવામાં આવે છે. ઉપરાંત સાતમાં પગારપંચનો લાભ પણ રાજય સરકારના કર્મચારીઓ કરતા શિક્ષકોને ૧૨ મહિનાના વિલંબ બાદ જાહેર કરાયો છે.શિક્ષકોને એરીયર્સ પાંચ હપ્તામાં આપવાની જાહેરાત છતા ૧૦ મહિના થઈ ગયા બાદ પણ એક પણ હપ્તો મળ્યો નથી. ત્યારે શિક્ષકો છેલ્લા ઘણા સમયથી પડતર પ્રશ્નોને લઈ લડત ચલાવી રહ્યા છે. ત્યારે શિક્ષકોની વારંવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો સરકારમાં કરવા છતા હજુ સુધી યોગ્ય નિવેડો ના આવતા શિક્ષકોમાં રોષની લાગણી ભભુકી ઉઠી છે.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

વિદેશ નિતી ભલે જેવી રહી તેવી... પણ આપણાં છોકરાનાં છોકરા તો મા-બાપ સાથે ઈંડિયામાં રહેશે ને...!!

આજે રાજ્યના ફિમેલ હેલ્થ વર્કર મુખ્યમંત્રીને આવેદનપત્ર આપશે

ગાંધીનગરમાં બલરામભવન ખાતે ફિમેલ હેલ્થ વર્કરનું સંમેલન યોજાયુ : પડતર પ્રશ્નો અંગે ચર્ચા સાથે લડતની રણનીતિ ઘડી કાઢવામાં આવી

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરમાં આજે ટ્રેઈન્ડ નર્સિસ એસોસિએશનના નેજા હેઠળ રાજયના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા અંતરિયાળ વિસ્તારોમાં ફરજ બજાવતા નર્સિસ સંવર્ગના એક્ઝિલરી નર્સ મીડવાઈફ (એએનએમ) તથા ફિમેલ હેલ્થ વર્કર્સનું સંમેલન સેકટર-૧૨માં બલરામ ભવન ખાતે યોજાયુ હતુ. આ સંમેલનમાં રાજયના લગભગ તમામ જિલ્લાઓ અને તાલુકાઓના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા અને તેમના પડતર પ્રશ્નો અંગે આવતીકાલે તા. ૧૮મી જૂન સોમવારે મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, આરોગ્ય સચિવ તથા ગાંધીનગર જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવાનો નિર્ણય લીધો હતો.

ફિમેલ હેલ્થ વર્કરો દર્દીને ઈન્જેક્શન આપવાથી માંડીને બીપી ચેક કરવું, એચબી ચેક કરવુ, કોપરટી મુકવી, ડિલીવરી કરાવવા જેવી ટેકનિકલ કામગીરી કરતા હોવાથી તેમને ફિમેલ હેલ્થ ટેકનિશિયનનો હોદ્દો આપવા, સાતમા પગાર પંચનો લાભ આપવા અને તે મુજબ ગ્રેડેશન કરવા, ફિમેલ હેલ્થ વર્કરને ઘરે ઘરે ફરીને કાર્ય કરવાનું હોવાથી શૂન્ય કિ.મી.થી પીટીએ આકારણી કરવા, રજીસ્ટરો લખવાનો બોજ ઘટાડવા, ટેકો પ્લસની એન્ટ્રી કરવાની કામગીરીની પણ પુરૂષ હેલ્થ વર્કર સાથે વહેંચણી કરવા, મેલેરિયા સર્વેક્ષણ કામગીરીમાં સામેલ કરવા, એચઆરએ જેવા પડતર પ્રશ્નો અંગે સંમેલનમાં ચર્ચા હાથ ધરાઈ હતી અને આ મુદ્દાઓને આવરી લેતુ આવેદનપત્ર આવતીકાલે મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી સહિત આરોગ્ય સચિવ અને તમામ જિલ્લા કલેકટરને આપવાનો નિર્ણય લેવાયો હતો. આ સાથે તા. ૩જી જુલાઈથી એક સપ્તાહ સુધી કાળી પટ્ટી ધારણ કરી ફરજ બજાવવા અને તા. ૧૦મી જુલાઈથી યુનિફોર્મ વગર ફરજ નિભાવવા ઉપરાંત તા. ૧૮મી જુલાઈએ ગાંધીનગરમાં રેલીનું આયોજન કરવા બાબતે આયોજન ઘડી કાઢવામાં આવ્યું હતું.

શહેરની સામાજિક સંસ્થાઓ દ્વારા સ્વ.કુંવરજીભાઈ પટેલને શ્રધ્ધાંજલિ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર સૌરાષ્ટ્ર લેઉઆ પાટીદાર સમાજના પ્રમુખ અને અડાલજ ખાતે નિર્માણાધિન અન્નપૂર્ણાધામના સંચાલક મંડળના પ્રમુખ સ્વ.કુંવરજીભાઈ પટેલનું તાજેતરમાં ટુંકી માંદગી બાદ નિધન થયું હતું. તેમના અચાનક અવસાનથી શહેરના જાહેર જીવનને ન પુરાય તેવી ખોટ પડી છે. ત્યારે શહેરની સેવાભાવી અને સામાજીક સંસ્થાઓ દ્વારા આજરોજ શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કેન્દ્રીય કૃષિ મંત્રી પુરૂષોતમભાઈ રૂપાલા, ગુજકોમાસોલના ચેરમેન દિલિપભાઈ સંઘાણી, ગાંધીનગર કલ્ચરલ ફોરમના પ્રમુખ કૃષ્ણકાન્ત જહા, પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ કુલશંકર શાસ્ત્રી, શહેરના મેયર પ્રવિણભાઈ પટેલ, પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી નિશીતભાઈ વ્યાસ, કલાગુર્જરીના પ્રમુખ એન. પી.

● અનુસંધાન પાના - ૭ પર

વાજપાઈજીની ખબર-અંતર પુછતાં મુખ્યમંત્રી રૂપાણી

ગાંધીનગર, તા. ૧૭

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી નીતિ આયોગની બેઠક પૂર્ણ થતા નવી દિલ્હી ખાતે એઈમ્સ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા પૂર્વ પ્રધાનમંત્રી અને વરિષ્ઠ અગ્રણી અટલબિહારી વાજપેયીજીના ખબર અંતર પૂછવા ગયા હતા. અટલબિહારી વાજપેયીજી તા.૧૧ જૂનથી એઈમ્સ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. મુખ્યમંત્રીએ વાજપેયીજીના સુસ્વાથ્યની કામના આ તકે કરી હતી.

છાલાની કે.એમ.એસ. શાળા ખાતે પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ

ગાંધીનગર તાલુકાની શેઠ કે.એમ. સર્વોદય હાઈસ્કૂલ, છાલા ખાતે શાળા પ્રવેશોત્સવ ૨૦૧૮નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે તાલુકા વિકાસ અધિકારી જાનવી પટેલ, સરપંચ ચંચળબેન એમ. પટેલ તથા રીટાયર્ડ કલેકટર એમ.બી. પટેલ તેમજ છાલા કેળવણી મંડળના પ્રમુખ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા અને વિકાસના માર્ગે ચાલી બાળકોને પ્રગતિના શિખરો સર કરવાની શુભેચ્છા પાઠવી હતી. આ ઉપરાંત વડીલ ગોપાળભાઈ પટેલ તથા સોમાભાઈ પટેલ તથા જશુભાઈ પટેલનું સન્માન કરવામાં આવ્યુ હતુ. દાતાઓએ બાળકોને સ્કૂલબેગ આપીને ઉત્સાહ પુરો પાડ્યો હતો.

આ પ્રસંગે સી.આર.સી. કો-ઓર્ડીનેટર જગદીશભાઈ તથા શાળાના આચાર્ય રમેશ ચૌધરીએ કાર્યક્રમને સફળ બનાવવા ઉપસ્થિત રહ્યા હતા. આંગણવાડીના ભુલકાઓએ ખાસ ઉપસ્થિત રહીને કાર્યક્રમને ખાસ બનાવ્યો હતો. કાર્યક્રમનું સફળ સંચાલન માહેનુર શેખ અને દિશા ચૌધરીએ કર્યુ હતુ. અંતે દિપક શુક્લએ ઋણ સ્વીકાર કર્યુ હતુ.

આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા 'કેરીયર ઈન મેડીસીન' વિષયે પરિસંવાદ

ગાંધીનગર, તા. ૧૭

આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ, નારણપુરા, અમદાવાદ દ્વારા બાયોલોજીના વિદ્યાર્થીઓ માટે સરદાર પટેલ ઓડિટોરીયમ, શાહીબાગ ખાતે 'કેરીયર ઈન મેડીસીન' વિષય પર પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. પરિસંવાદમાં વિદ્યાર્થીઓને તબીબી અભ્યાસ માટે કયા કોર્સની પસંદગી કરવી તેના માટે જુદા જુદા રોગોના નિષ્ણાંત ડૉક્ટર દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

પરિસંવાદમાં ગુજરાતના મહેસુલ મંત્રી કૌશિક પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પરિસંવાદને ખુલ્લુ મુકતાં જણાવ્યું હતું કે, આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા આયોજિત મહા પરિસંવાદ અભિવાદન અને અભિનંદનને પાત્ર છે. આ ઉપરાંત સાબરમતી વિસ્તારના ધારાસભ્ય અરવિંદ પટેલે ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને મેડીકલના ઉચ્ચ અભ્યાસઅર્થે સરકારી યોજનાઓની માહિતી આપી હતી. ટ્રસ્ટના પ્રમુખ આર.એસ. પટેલે જણાવ્યું હતું કે, ૧૦માં ધોરણમાં ભણતા પંદર-સોળ વર્ષની ઉંમરના બાળકને પૂછો કે તારે શુ કેરીયર પસંદ કરવી છે તે તેમના માટે અઘરો સવાલ છે. ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને મોંઘા કોર્સીસમાં નાણાંકીય સહાય કેવી રીતે મળી રહે તે જણાવવા હેતુ આ વિનામૂલ્યે ત્રીજા પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. પરિસંવાદમાં ૧૨૦થી વધુ શાળાઓના કુલ ૧૦૬૦થી વધુ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

માર્ગદર્શન આપવા માટે એચ.સી.જી. હોસ્પિટલના ડૉ. જગદીશ કોઠારી, ડૉ. કૌસ્તુક પટેલ, સાલ હોસ્પિટલના ડૉ. અનિલ જૈન, સામવેદ હોસ્પિટલના ડૉ. હેમંત પટેલ તેમજ મેડીકલ એડમીશન કમિટીના ડૉ. નિરણા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત પ્રદેશ ભાજપની ૨૪ ૨૫ જૂને ચિંતન બેઠક યોજાશે

આ ચિંતન બેઠકમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ સહિત અનેક ભાજપ અગ્રણીઓ જોડાશે

ગાંધીનગર, તા. ૧૭

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહની હાજરીમાં આગામી તા. ૨૪-૨૫ જૂનના રોજ પ્રદેશ ભાજપની ચિંતન બેઠક અને ૨૬ જૂને અમદાવાદ ખાતે મીસાવાસી સન્માન સમારંભ યોજાશે. આ ઉપરાંત તા. ૧૮થી ૨૬ જૂન દરમિયાન ગુજરાત ભાજપ દ્વારા અનેક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યુ છે.

અમદાવાદ સ્થિત એસજીવીપી ખાતે ચિંતન બેઠકમાં પ્રદેશ પ્રભારી ભુપેન્દ્રજી યાદવ, પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણી, મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ અને પ્રદેશ અગ્રણી નેતા ઉપસ્થિત રહેશે.

ઉપરાંત ૧૮મી જૂન સાંજે કોર ગ્રુપ લોકસભા ચૂંટણી સમિતિ અને પ્રદેશ મહામંત્રીઓની સંયુક્ત બેઠક તથા તા. ૧૭ અને ૧૮ જૂનના રોજ ભાજપ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડમાં ૮૫ તાલુકા પંચાયતના પદાધિકારીઓની નિયુક્તિ અંગે વિચારણા કરવામાં આવશે. ૨૧ જૂને વિશ્વ યોગ દિવસની ઉજવણી સરકાર અને એનજીઓના કાર્યક્રમોમાં ભાજપ સંગઠન જોડાશે અને ૨૩ જૂન ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીની પુણ્યતિથિ નિમિત્તે જિલ્લા સ્તરે કાર્યક્રમો પણ યોજાશે.

સરકારમાં લાંચ-રૂશ્વતના કિસ્સા વધી રહ્યાં છે પછી ગુજરાત ક્યાંથી કરપ્શન-ફ્રી રાજ્ય બને

ગુજરાત સરકારમાં એન્ટી કરપ્શન બ્યુરોના સપાટાના કારણે લાંચ લેવાના કિસ્સા પકડાઈ રહ્યાં છે ત્યારે કરપ્શન ફ્રી સ્ટેટના સ્વપ્ન સિદ્ધ થાય તેમ નથી. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને વહીવટી વડા ડો. જે.એન.સિંઘ માટે આ સૌથી મોટો પડકાર છે. તલાટી થી લઈને ઉચ્ચ અધિકારીઓ, સચિવાલય થી લઈને ગ્રામ્યસ્તરની સરકારી કચેરીઓ સુધી અંડર ટેબલ વ્યવહારો થાય છે. ગુજરાત લેન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન- જીએલડીસીએ તો ભ્રષ્ટાચારના તમામ દરવાજા ખોલી નાંખ્યા હતા. આટલું મોટું કૌભાંડ પકડાયા પછી વિભાગોની નાની કચેરીઓમાં ચાલતા અંડર ટેબલ વ્યવહારોની કોઇ વિસાત નથી. રાજ્યમાં સૌથી વધુ કરપ્ટ મહેસૂલ વિભાગ છે એવું તપાસ કરતી સંસ્થાઓનું કહેવું છે. પહેલાં લોકાયુક્તના રિપોર્ટમાં આવો ઘટસ્ફોટ થતો હતો અને હવે તકેદારી આયુક્તના રિપોર્ટમાં આવો ઘટસ્ફોટ થાય છે. હાલની સ્થિતિ એવી છે કે સરકારી કામકાજના પાંચ દિવસ પૈકી બે દિવસે લાંચ લેવાનો એક કિસ્સો ગુજરાતમાં પકડાય છે. આ પ્રમાણને આપણે કરપ્શન ફ્રી કહેવું કે કરપ્શન યુક્ત કહેવું તે અઘરૂં છે.

વો ભી ક્યા દિન થે હમે દિલ મેં બિઠાયા થા કભી... સૌરભભાઇનો ભવ્ય ભૂતકાળ

કૃષિને આપણે ઉદ્યોગનો દરજ્જો મળ્યો તેમ કહીએ છીએ પણ હકીકત અલગ છે

મહેસૂલ પછી શહેરી વિકાસ વિભાગ, ગૃહ, આરોગ્ય અને શિક્ષણ વિભાગ કરપ્શનમાં અવ્વલ છે. રાજ્યના ચીફ સેક્રેટરી જે.એન.સિંઘ તેમજ રેવન્યુ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજકુમારે કરપ્શન ફ્રી વિભાગો બનાવવા માટે વિભાગીય વડાને સૂચનાઓ આપવી પડી છે. આ બન્ને ઓફિસરોએ જિલ્લા કલેક્ટરો તેમજ ડીડીઓને સૂચના આપી છે કે ભ્રષ્ટાચાર કરનારા કર્મચારીઓને દૂર કરી તેમની સામે કડક હાથે પગલાં લો. આવી સૂચના આપવી પડે તે સ્થિતિ બતાવે છે કે કરપ્શનની બાબતમાં સરકાર ખૂબ ચિંતિત બનેલી છે.

● આર.સી. ફળદુ- કોઇને નિરાશ કરવા નથી, કામ કરો...

કોણ કહે છે કે ભાજપની સરકાર સંવેદનશીલ નથી, ખોટી વાત છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી જેટલા સંવેદનશીલ છે તેટલા તેમના વિભાગના કેટલાક મંત્રીઓ પણ છે. શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાની વાત ન્યારી છે. અલગ છે. તેમની કામ કરવાની પદ્ધતિ એવી છે કે કોઇ સાચો અને ન્યાયની વાત કરતો મુલાકાતી નારાજ થતો નથી. ગુજરાત સરકારના કૃષિ અને વાહન વ્યવહાર મંત્રી આર.સી.ફલદુની કામ કરવાની પદ્ધતિ પણ કાબિલેદાદ છે. તેઓ ઓફિસમાં હોય ત્યારે ક્રમશઃ મુલાકાતીને મળે છે. તેમની સમક્ષ રજૂઆત કરવા આવેલો અરજદાર નિરાશ થઈને જતો નથી, કારણ કે તેઓ તે મુલાકાતીની હાજરીમાં જ વિભાગના ઉચ્ચ અધિકારી સાથે વાત કરીને વિષયને પરિણામલક્ષી પૂર્ણ કરવાની સીધી સૂચના આપે છે. તેઓ કહે છે કે, 'હું અરજદાર ભાઈને આપની પાસે મોકલું છું, તેમને ન્યાય આપજો, નિરાશ કરશો નહીં.' વ્યવસાયે ખેડૂત હોવાથી ફળદુ ખેડૂતોની વ્યથા જાણે છે. એક કેસમાં તો તેમણે વિભાગના અધિકારીને ત્યાં સુધી કહ્યું હતું કે- "આવા બકવાસ આદેશો મહેરબાની કરીને બહાર પાડશો નહીં. આપણે લોકોની સેવા કરવા માટે બેઠાં છીએ. દૂર અંતરથી આવેલો મુલાકાતી નિરાશ થઈને પાછો જાય તો તેમાં સરકારનું નુકશાન છે. તમે તઘલખી નિર્ણયો લઈ શકો નહીં..."

● વધતી ભીડ વચ્ચે સ્વર્ણિમ સંકુલનું કદ નહીં વધે...

સોમવારે જનતાના દિવસે તેમજ મંગળવારે ધારાસભ્ય અને સંસદસભ્યના અનામત દિવસે સચિવાલયમાં એટલી મોટી સંખ્યામાં ટોળાં આવે છે કે સ્વર્ણિમ સંકુલના તમામ મજલા સબ્જી માર્કેટ જેવા બની જાય છે. કેટલીક વખત સલામતી રક્ષકોને ટ્રાફિક કન્ટ્રોલ કરવો અઘરો પડે છે. સચિવાલયમાં કામો થાય છે તેવી છાપ લઈને જતાં મુલાકાતીઓને ક્યાંય સારો તો ક્યાંક ખરાબ અનુભવ થાય છે. સરકારમાં ત્રણ થી ચાર મંત્રીઓ એવાં છે કે તેમના મળતિયા વચ્ચે ઘેરાયેલા રહે છે પરંતુ દૂરથી આવેલા મુલાકાતીને મળવાનો તેમની પાસે સમય હોતો નથી. ગાંધીનગરનું સ્વર્ણિમ સંકુલ આ બન્ને દિવસોએ હાઉસફુલ હોવાનું મુખ્ય કારણ એ છે કે એક ધારાસભ્ય સચિવાલયમાં એન્ટ્રી લેતા હોય છે ત્યારે તેમની પાસે ૧૫ થી ૨૦ સમર્થકોનું મોટું ટોળું જોવા મળે છે. એક કામ માટે આટલી મોટી સંખ્યામાં સમર્થકો લાવવાનું કારણ મંત્રીઓના અગત સ્ટાફને સમજાતું નથી. સ્વર્ણિમમાં જેવી ભીડ હોય છે તેવી ભીડ સચિવાલયના પાર્કિંગ પ્લોટ્સમાં પણ જોવા મળે છે. આ બન્ને દિવસોએ વધારાના વાહનો સચિવાલયના ઈન્ટરનલ માર્ગોની સાઈડે પાર્ક કરવા પડે છે. મુલાકાતીઓ વધતા સંકુલ નાનું પડે છે, પરંતુ માર્ગ-મકાનના ઈજનેરો કહે છે કે આ સંકુલનું હવે એક્સપાન્શન શક્ય નથી.

● હાઇપરલુપ ટ્રેન સામે બુલેટ ટ્રેન શા માટે...

અમદાવાદ થી મુંબઈ જવા માટે કેન્દ્ર સરકારે બુલેટ ટ્રેનનો ૧.૧૦ લાખ કરોડનો પ્રોજેક્ટ શરૂ કર્યો છે પરંતુ જમીન સંપાદનમાં વિઘ્ન ઉભાં થતાં આ પ્રોજેક્ટ વિલંબમાં પડે તેવી દહેશત છે. આ પ્રોજેક્ટની આડે કેરી અને ચીકુના ખેતરો આવે છે. બન્ને રાજ્યોના ખેડૂતોએ જમીન આપવા અંગે વિરોધ કર્યો છે. આ વિવાદ ચાલી રહ્યો છે ત્યારે મહારાષ્ટ્રની સરકારે મુંબઈ થી પૂનાનું અંતર ઘટાડવાનું નક્કી કર્યું છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થયે મુંબઈ થી પૂના માત્ર ૨૦ થી ૨૫ મિનિટમાં પહોંચી શકાશે. મહારાષ્ટ્ર સરકાર જમીન સંપાદનમાં પડ્યા વિના હાઈપરલુપ ટ્રેનનો વિકલ્પ લાવી છે. આ ટ્રેન બંધ ટ્યુબમાં હોય છે અને તે મેગ્નેટીક લેવીટેશનથી ચાલે છે. આ ટ્રેનની એવરેજ સ્પીડ કલાકના ૯૭૦ કિલોમીટર છે. તેની ટોપ સ્પીડ ૧૨૦૦ કિલોમીટરની છે. આ ટ્રેનમાં કોચ નહીં પણ પોડ હોય છે જેની નીચે મેગ્નેટ હશે કે જેથી હવામાં તરતું હશે. દરેક પોડની આગળ જેટ એન્જીન જેવું કોમ્પ્રેશર હોય છે. દાવો કરવામાં આવે છે કે હાઈપરલુપ ટ્રેનથી અકસ્માતના ચાન્સિસ પણ ઘટી જાય છે. આપણે બુલેટ ટ્રેનની સાથોસાથ હાઈપરલુપ અંગે પણ વિચારવું જોઈએ.

● લ્યો હવે, ઘરમાં વાવેલો છોડ પણ પ્રકાશ આપશે...

ટેકનોલોજીમાં ભારત કરતાં અમેરિકા ખૂબ આગળ છે. ટોચની યુનિવર્સિટી એમઆઈટીના વૈજ્ઞાનિકોએ એક શોધ કરી છે જેની મદદથી ઈલેક્ટ્રિસિટી વિના ઘરમાં લાઈટ આપતા બલ્બની રોશની ફેલાશે. આ રોશની છોડમાંથી આવશે. આગિયાની જેમ ચમકતા છોડ આ વૈજ્ઞાનિકોએ વિકસાવ્યા છે. આગિયામાં વપરાતી કેમિકલ સંરચનાનો ઉપયોગ કરીને આ સિદ્ધિ મેળવવામાં આવી છે. અમેરિકન વૈજ્ઞાનિક માઈકલ સ્ત્રેનો એ મુખ્ય વૈજ્ઞાનિક છે અને તેમણે નેનો પાર્ટીકલ્સનો સીધો ઉપયોગ છોડમાં કર્યો છે. આ છોડ પ્રકાશ આપે છે પરંતુ હાલ ૪૫ મિનિટ માટે જ આપી શકે છે પરંતુ ભવિષ્યમાં આ છોડનો પ્રકાશ ૧૦૦૦ ગણો વધારી શકાશે. અમેરિકાની આ શોધ પછી ભારતમાં પણ તેના અંગે સંશોધન શરૂ થયું છે. નેનો ટેકનોલોજી પર કામ કરતાં નિષ્ણાંતો આ દિશામાં કામ કરી રહ્યાં છે. આપણે ગુજરાતમાં કૃષિ વૈજ્ઞાનિકોએ એવા આંબા અને રાયણ અને દાડમના છોડ વિકસાવ્યા છે કે જેઓ માત્ર બે વર્ષમાં ફળ આપે છે. તેમને મોટા કુંડામાં પણ વાવી શકાય છે.

● કૃષિને ઉદ્યોગનો દરજ્જો પણ સમિટ કેમ નહીં...

ગુજરાતમાં કૃષિ ક્ષેત્રને ઉદ્યોગનો દરજ્જો આપવામાં આવ્યો છે પરંતુ તે માત્ર કાગળ પર હોય તેમ લાગે છે, કારણ કે જો ઉદ્યોગનો દરજ્જો હોય તો નરેન્દ્ર મોદીના કહેવા પ્રમાણે ગુજરાતમાં એગ્રીકલ્ચર વાયબ્રન્ટ સમિટ કેમ થતી નથી. છેલ્લે ૨૦૧૧માં જ્યારે મોદીએ ગુજરાતમાં વાયબ્રન્ટ સમિટ કરી હતી ત્યારે તેમણે જાહેરાત કરી હતી કે હવે ગુજરાતમાં એક વર્ષ એગ્રીકલ્ચર સમિટ થશે અને એક વર્ષ વાયબ્રન્ટ

આભાર - નિહારીકા રવિયા

ઈન્વેસ્ટર્સ સમિટ થશે. ૨૦૧૩માં સપ્ટેમ્બર મહિનામાં મોદીના નેતૃત્વમાં મહાત્મા મંદિરમાં જાયન્ટ એગ્રીકલ્ચર ગ્લોબલ સમિટ થઈ હતી. મોદીએ કહ્યું હતું કે હવે દર બે વર્ષે એગ્રી સમિટ થશે પરંતુ બે વખત થયા પછી આ સમિટ બંધ કરી દેવામાં આવી છે. સરકાર એવો દાવો કરે છે કે અમે દર બે વર્ષે સમિટ કરીએ છીએ પરંતુ તે સમિટ નહીં માત્ર એગ્રી એક્ઝિબિશન હોય છે. આપણે સ્વિકાર્યું છે કે કૃષિ અને પશુપાલન એક વ્યવસાય છે ઉદ્યોગ છે તો તેમાં ખેડૂતોને સમયસર લોન કેમ મળતી નથી. ઉદ્યોગો જેવા પ્રોત્સાહન કેમ આપવામાં આવતા નથી. ખેડવા માટે સરકાર જમીન કેમ આપતી નથી. આપણે અવશ્ય

ભલે ભીડ વધતી જાય, ઓફિસો હાઉસફુલ બને, સ્વર્ણિમનું વિસ્તરણ થવાનું નથી

બે વર્ષે એક ગ્લોબલ એગ્રીકલ્ચર સમિટ કરવી જોઈએ કે જેથી ખેડૂતોને પ્રોત્સાહન મળી રહે.

● સરકારમાં સૌરભ પટેલની એનર્જી ક્યાં ગઇ...

અગાઉની કેબિનેટમાં પ્રવક્તા મંત્રી તરીકેની ફરજ બજાવતા સૌરભ પટેલ આ સરકારમાં ક્યાં ખોવાઈ ગયા છે તેની ખબર પડતી નથી. ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણી પછી રૂપાણીએ તેમને ફાયનાન્સ અને એનર્જી વિભાગનો હવાલો આપ્યો હતો પરંતુ નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલની નારાજગી ઉભી થતાં છેવટે સૌરભ પટેલ પાસેથી ફાયનાન્સ લઈને નિતીન પટેલને આપી દેવામાં આવ્યું ત્યારથી સૌરભ પટેલ અતડા થઈ ગયા છે. કેબિનેટમાં તેમની ગૂંજ સંભળાતી નથી. તેઓને આ વખતે પ્રવક્તા મંત્રી પણ બનાવાયા નથી. એનર્જીનો વિભાગ સંભાળતા સૌરભભાઈ પાસે પોલિટીકલ એનર્જીનો અભાવ વર્તાઈ રહ્યો છે. જાણે કે સરકારમાં તેમની ગ્લોરી ઝાંખી પડી રહી છે. એક સમય હતો જ્યારે સૌરભ પટેલનો પડ્યો બોલ ઝિલાતો હતો. નંબર ટુ નું સ્થાન તેઓ ધરાવતા હતા. મિડીયા પર્સન તેમની પાસે માહિતી મેળવવા દોડી જતા હતા આજે સ્થિતિ અલગ જોવા મળે છે. તેમની ઓફિસનો અંગત સ્ટાફ આજે ભવ્ય ભૂતકાળને વાગોળી રહ્યો છે.